# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH


ક્રમાંક/બીકેએનએમયુ/જોડાણ/૧૬૭/૨૦૨૬ તા: ૦૬/૦૬/૨૦૨૬

**વિષય:-** ફાયર એન.ઓ.સી તથા મકાનોની જર્જરીતતા બાબતે ખરાઈ અંગે માહિતી આપવા બાબત.

**સંદર્ભ:-** ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના પત્રક્રમાંક:પી.આર.ઓ/ફાયર સેફટી /૨૦૨૬/૫૯૫ તા:૦૫/૦૬/૨૦૨૬

## પરિપત્ર :-

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર સંસ્થા/કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાશ્રીઓને જણાવવાનું કે વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાને લેતા ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફટી મેજર્સ એક્ટ ૨૦૧૩ અને તે હેઠળના નિયમો ૨૦૧૪ અને આ અધિનિયમ હેઠળના જાહેર થયેલ સુધારાઓ અને નામ.સુપ્રિમકોર્ડ અને નામ.હાઇકોર્ટના વખતોવખતના આદેશોને ધ્યાને લેતા નીચે મુજબની માહિતી આપવા જણાવવામાં આવે છે.

ફાયર એન.ઓ.સી અન્વયે,

1. સંસ્થા/કોલેજમાં જેટલા પણ મકાનો(બેઝમેન્ટ/ભોયરૂં વગરના) કે જેની ઉંચાઈ ૦૯ મીટર કરતા ઓછી અને બાંધકામ ૫૦૦ ચોરસ મીટર કરતા ઓછું હોય તે મકાનો માટે ફાયર એન.ઓ.સીની જગ્યાએ ફાયર સેફ્ટીના નિયમોનુસાર સ્વ-પ્રમાણિત અને સ્વ-ઘોષણા પ્રમાણપત્ર ફાયર સેફ્ટીના નિયમો મુજબ અગ્નિ પ્રતિરોધક સાધનો અને નિયમો મુજબની સુવિધાઓ પૂરતા પ્રમાણમાં હોવી જોઈએ.
2. જે મકાનોની ઉંચાઈ ૦૯ મીટર કરતા વધુ છે અથવા જે મકાનની ઉંચાઈ ૦૯ મીટર કરતા ઓછી છે પરંતુ બાંધકામ ૫૦૦ ચો.મી કરતા વધારે છે તેવી સંસ્થાઓએ તુરંત ફાયર સિસ્ટમ નિયમોનુસાર ઇન્સ્ટોલ કરાવી,સંબધિત અધિકૃત સંસ્થા પાસેથી ફાયર એન.ઓ.સી દિન-૧૦ માં મેળવવાનું રહેશે.
3. જે સંસ્થાઓએ પ્રથમથી અધિકૃત સંસ્થાઓનું ફાયર એન.ઓ.સી ધરાવે છે.જો તેની સમય અવધી પૂર્ણ થયેલ હોય તો દિન-૧૦માં રીન્યુ કરાવવાની જવાબદારી સંસ્થાની રહેશે.
4. ઉપરોક્ત મુદ્દા નં:૦૧ થી ૦૩ અન્વયેની માહિતી નીચે મુજબની ગુગલ લિંકમાં તથા હાર્ડકોપી સંચાલકશ્રી/આચાર્યશ્રીના સહી સિક્કા સાથે તા:૦૯/૦૬/૨૦૨૬ સુધીમાં અત્રેની યુનિવર્સિટીમાં મોકલવાની રહેશે.
5. લિંક: https://forms.gle/PxJDRLMNVPUY58NJA

જર્જરિત મકાનો બાબતે:

1. દરેક સંસ્થામાં જેટલા પણ શૈક્ષણિક હેતુ માટેના મકાનો સંસ્થા પાસે હાલ કાર્યરત છે. તે જર્જરિત છે કે કેમ?જેની બાંહેધરી સંસ્થાના લેટરપેડ પર સંચાલકશ્રી/આચાર્યશ્રીના સહી સિક્કા સાથે મોકલવાનું રહેશે.
2. કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓને જર્જરિત મકાનમાં બેઠક વ્યવસ્થા રાખવામાં આવશે તો તેની જવાબદારી સંસ્થાના વડા/આચાર્યશ્રી/સંચાલકમંડળની રહેશે.
3. જો સંસ્થાનું મકાન જર્જરિત હોય તો વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવાની રહેશે.
4. મકાન બાબતે સંસ્થા/કોલેજે જરૂર જણાયે માન્ય ઈજનેરશ્રી પાસેથી મકાનોના બાંધકામ સુરક્ષિત હોવા બાબતનું મેળવી લેવાનું રહેશે.

બિડાણ:-સંદર્ભ દર્શિત પત્ર.

(ડૉ.રમેશ.જી.પરમાર)
કુલસચિવ

પ્રતિ,

૧) તમામ કોલેજોના આચાર્યશ્રીઓ ૨) માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ.

**નકલ સાદર રવાના:**-માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :-** આઈ.ટી.સેલ. વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...

## ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી

પી.આર.ઓ. શાખા, બ્લોક નં.૧૨, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦.


પત્ર ક્રમાંક :પી.આર.ઓ/ફાયર સેફ્ટી /૨૦૨૬/૫૯૫ તા: ૦૫-૦૬-૨૦૨૬

પ્રતિ,

(૦૧) રજીસ્ટ્રારશ્રી, તમામ, સ્ટેટ યુનિવર્સિટી.

(૦૨) રજીસ્ટ્રારશ્રી તમામ, ખાનગી યુનિવર્સિટી.

(૦૩) આચાર્યશ્રી તમામ, સરકારી કોલેજ.

(૦૪) આચાર્યશ્રી તમામ, માન્ય અનુદાનિત કોલેજ.

(૦૫) આચાર્યશ્રી તમામ, માન્ય ખાનગી કોલેજ( મારફતે યુનિવર્સિટી)

(૦૬) આચાર્યશ્રી તમામ, અનુદાનિત ગ્રામ વિદ્યાપીઠો.

(૦૭) નિયામકશ્રી તમામ, અનુદાનિત સંશોધન સંસ્થાઓ.

**વિષય ::- ફાયર એન.ઓ.સી. તથા મકાનોની જર્જરીતતા બાબતે ખરાઇ કરાવી લેવા બાબત.**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાને લેતાં ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેજર્સ એક્ટ ૨૦૧૩ અને તે હેઠળના નિયમો ૨૦૧૪ અને આ અધિનિયમ હેઠળના જાહેર થયેલ સુધારાઓ અને નામ. સુપ્રિમકોર્ટ અને નામ.હાઈકોર્ટ ના વખતો વખતના આદેશોને ધ્યાને લેતાં રાજ્ય સરકારશ્રી દ્વારા જાહેર થયેલ વખતો વખતના પરીપત્રો અને લેખિત સુચનાઓને ધ્યાને લેતાં આપના તાબા હેઠળની સંસ્થાઓ માટે નીચે મુજબની સુચનાનુસાર કાર્યવાહી કરવા સ્પષ્ટ સુચનાઓ આપવામાં આવે છે.

**ફાયર એન. ઓ.સી. અન્વયે...**

(૦૧) સંસ્થા પાસે જેટલા પણ મકાનો(બેઝમેન્ટ/ભોયરૂ વગરના) છે. કે જેની ઊચાઈ ૦૯ મીટર કરતા ઓછી અને બાંધકામ ૫૦૦ ચોરસ મીટર કરતાં ઓછું હોય તે મકાનો માટે ફાયર એન.ઓ.સી.ની જગ્યાએ ફાયર સેફ્ટી નિયમોનુસાર સ્વ-પ્રમાણિત અને સ્વ-ઘોષિત પ્રમાણપત્ર ફાયર એફ્ટીના નિયમો મુજબ અગ્નિ પ્રતિરોધક સાધનો અને નિયમો મુજબની સુવિધાઓ પુરતા પ્રમાણમાં તેની ખાત્રી કરવાની રહેશે.

(૦૨) સંસ્થાના જે મકાનોની ઊચાઈ ૦૯ મીટર કરતાં વધુ છે. અથવા તો જે મકાનની ઊચાઈ ૦૯ મીટર કરતાં ઓછી છે. પરંતુ બાંધકામ ૫૦૦ ચોરસ મીટર કરતાં વધારે છે. તેવા મકાનો માટે તુરંત ફાયર સિસ્ટમ નિયમોનુસાર ઈન્સ્ટોલ કરાવી, સંબંધિત અધિકૃત સંસ્થા પાસેથી ફાયર એન.ઓ.સી. દિન-૧૦ માં મેળવવાનું રહેશે.

(૦૩) જે સંસ્થાઓ પ્રથમથી અધિકૃત સંસ્થાઓનું ફાયર એન.ઓ.સી. ધરાવે છે. જો તેની સમય અવધી પૂર્ણ થયેલ હોય તો દિન-૧૦ માં રીન્યુ કરાવવાની જવાબદારી સંબંધિત સંસ્થાની રહેશે.

(૦૪) સંબંધિત તમામ સંસ્થાઓએ મુદ્દા ૦૧ થી ૦૩ ની વિગતની માહિતી અત્રેની કચેરીની સંબંધિત શાખાને શાખાધિકારીશ્રી દ્વારા અલાયદી જાણ કર્યા મુજબ મોકલી આપવાની રહેશે. આ માટે સંપૂર્ણ જવાબદારી સંબંધિત સંસ્થાઓની રહેશે.

(૦૫) ખાનગી કોલેજોની વિગતો સંબંધિત રજીસ્ટ્રારશ્રીઓએ એકીકૃત કરી તેની ખરાઇ કરી દિન-૧૦ માં અત્રેની કચેરીની યુનિવર્સિટી શાખાને મોકલી આપવાની રહેશે.

(૦૬) તમામ સ્ટેટ યુનિવર્સિટીઓ અને ખાનગી યુનિવર્સિટીઓએ પોતે પોતાના ભવનોની ઉપરોક્ત મુજબની ખરાઇ કરી માહિતી અત્રેની કચેરીની યુનિવર્સિટી શાખાને માગ્યા મુજબ ફોરમેટમાં સમય અવધીમાં આપવાની રહેશે.

**જર્જરીત મકાનો બાબત.**

(૦૧) દરેક સંસ્થામાં જેટલા પણ શૈક્ષણિક હેતુ માટેના મકાનો સંસ્થા માટે કાર્યરત છે. તે જર્જરીત છે કે કેમ? તેની ખરાઇ કરવાની રહેશે. તેની જવાબદારી સંબંધિત સંસ્થાઓની રહેશે.

(૦૨) કોઈ પણ સંસ્થા કોઈ પણ સંજોગોમાં વિદ્યાર્થીઓને જર્જરીત મકાનમાં બેઠક વ્યવસ્થા રાખવામાં આવશે તો તેની જવાબદારી સંસ્થાના વડા/આચાર્યશ્રી/સંચાલક મંડળની રહેશે.

(૦૩) જો સંસ્થાનું મકાન જર્જરીત હોય તો વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવાની રહેશે.

(૦૪) મકાનો બાબતે સંસ્થાઓને જરૂરી જણાયે માન્ય ઈજનેરશ્રી પાસેથી મકાનોના બાંધકામ સુરક્ષિત હોવા બાબતનું મેળવી લેવાનું રહેશે.

ઉપરોક્ત સુચનાઓનું ચૂસ્ત પણે પાલન થાય તેની સઘળી જવાબદારી સંસ્થાઓના વડા/આચાર્યશ્રી/સંચાલક મંડળની રહેશે. તેમજ યુનિવર્સિટીના કિસ્સામાં કુલપતિશ્રી/પ્રોવોસ્ટ/રજીસ્ટ્રારશ્રીની રહેશે.

કમિશનર

ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી

ગાંધીનગર

<u>નકલ રવાના જાણ તથા તાબાની સંસ્થાઓ પાસેથી સામેલ નિયત નમુનામાં દિન-૧૦ માં માહિતી મેળવી કચેરીના ધ્યાને મુકવા સારૂ.</u>

(૦૧) નાયબ નિયામકશ્રી(મહેકમ) સદર કચેરી, સરકારી કોલેજો માટે

(૦૨) નાયબ નિયામકશ્રી(યુનિવર્સિટી) સદર કચેરી, સ્ટેટ યુનિવર્સિટી, ખાનગી યુનિવર્સિટી અને સ્ટેટ યુનિવર્સિટી મારફતે ખાનગી કોલેજો માટે

(૦૩) નાયબ નિયામકશ્રી(કોલેજ વહીવટ શાખા) અનુદાનિત કોલેજો માટે.

(૦૪) નાયબ નિયામકશ્રી(ગ્રામ વિદ્યાપીઠ અને સંશોધન) અનુદાનિત ગ્રામ વિદ્યાપીઠો અને સંશોધન સંસ્થાઓ માટે

નકલ જાણ સારૂ રવાના ::-

(૦૧) માન. આયુક્તશ્રીના રહસ્ય સચિવશ્રી, સદર કચેરી તરફ, માન. આયુક્તશ્રીના ધ્યાને મુકવા સારૂ.

(૦૨) માન. અધિક કમિશનરશ્રી, સદર કચેરી તરફ.

(૦૩) માન. સયુક્ત કમિશનરશ્રી, સદર કચેરી તરફ.

નકલ રવાના ::

(૦૧) શ્રેયાન અધિક્ષકશ્રી તમામ સદર કચેરી તરફ.

(૦૨) સંકલન શાખા ફાઈલે.

ફાયર એન.ઓ.સી. નાં વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | સંસ્થાનું નામ | પ્રકાર (અનુદાનિત, સરકારી, ખાનગી) | શૈક્ષણિક/વહીવટી હેતુ માટે ઉપયોગમાં લેવાતાં કુલ મકાનોની સંખ્યા | કોલમ ૦૪ પૈકી ૦૯ મીટર (બેઝમેન્ટ ન હોય તેવા)થી ઓછી ઊચાઇ ધરાવતાં હોય અથવા ૫૦૦ ચો.મી. કરતાં ઓછું બાંધકામ હોય તેવા મકાનોની સંખ્યા | કોલમ ૦૫ પૈકી મકાનો માટે નિયમઓ મુજબ ફાયર સેફટીના સાધનો વસાવી સ્વ ઘોષણાપત્રો જાહેર કરેલ હોય તેવા મકાનોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | | | | | |
| કોલમ ૦૪ પૈકી જે મકાનોની ઊચાઇ ૦૯ મીટર કરતાં વધૂ છે. અથવાતો બાંધકામ એરીયા ૫૦૦ ચો.મી. કરતાં વધૂ છે. તેવા મકાનોની સંખ્યા | કોલમ ૦૭ પૈકીના મકાનો માટે સંબંધિત માન્ય સંસ્થા અપાસેથી ફાયર એન.ઓ.સી. મેળવેલ હોય તેવા મકાનોની સંખ્યા | કોલમ ૦૭ પૈકી ફાયર એન.ઓ.સી. મેળવેલ નથી તેવા મકાનોની સંખ્યા | કોલમ ૦૯ પૈકી ના મકાનોમાં ક્યા સુધીમાં એન.ઓ.સી. મેળવી લેવામાં આવશે તેની તારીખ | ફાયર એન.ઓ.સી.ઓ જો રીન્યુ કરવાની જરૂરીયાત હોય તો રીન્યુ કરાવેલ છે કે કેમ ? | રીમાર્કસ |
| ૭ | ૮ | | | ૯ | ૧૦ |
| | | | | | |

સંસ્થાના વડાની સહી
સંસ્થાના વડાનુ નામ
સિક્કો

सत्यमेव जयते

**WE SERVE TO SAVE**

રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓની કચેરી

બ્લોક નં.૧૩, ત્રીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦.

ઈ-મેલ: dir.sfps@gmail.com, ટેલિફોન નં.૦૭૯-૨૩૨-૫૭૦૨૨/૨૩/૪૦.

ક્રમાંક: સફસ/ફન- ૮૫.૧/૭૪૮ /૨૦૨૧

તા૦૫/૦૬/૨૦૨૧

વિષય:- ફાયર સેફટી સર્ટિફિકેટ ઈશ્યુ કરવા બાબત સ્પષ્ટતા થવા બાબત.

પરિપત્ર:-

સરકારશ્રી દ્વારા ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક (સુધારા) નિયમો, ૨૦૨૧ ની ત્રીજી અનુસૂચિ મુજબનાં બિલ્ડીંગો માટે નિયમ -૨૩(૧) ની જોગવાઈ મુજબ ફાયર સેફટી સર્ટીફિકેટ (ફાયર NOC) ઈશ્યુ કરવાની જોગવાઈ થયેલી છે. વખતોવખત રાજયના રીજીયનલ ફાયર ઓફીસર/ચીફ ફાયર ઓફીસર સાથે મીટીંગો દરમ્યાન ક્ષેત્રિય કક્ષાએ કામગીરી દરમ્યાન ફાયર NOC ઈશ્યુ કરવા મામલે અમૂક મુશ્કેલીઓ અનુભવાય છે. જેથી આ બાબતે સ્પષ્ટતા કરવી જરૂરી બને છે.

શૈક્ષણિક સંસ્થાઓનાં કિસ્સામાં જે ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક(સુધારા) નિયમો, ૨૦૨૧ ની ત્રીજી અનુસુચીમાં જણાવ્યાનુંસાર ૯ મી ઉંચાઇ અને/ અથવા ૫૦૦ચો.મી. કોઈ એક કે વધુ માળનાં ક્ષેત્રફળેથી ઓછાં ઉંચાઇ/ક્ષેત્રફળનાં કિસ્સામાં શૈક્ષણિક સંસ્થા દ્વારા ફાયર સેફટી સર્ટીફિકેટ લેવાની જોગવાઇ સંદર્ભે વિશેષ સ્પષ્ટતા કરતા જણાવવાનું કે, જે શૈક્ષણિક સંસ્થા ૯ મીટર કે તેથી વધુ ઉંચાઇ ધરાવતી હોય તેમજ એમા જો બેઝમેન્ટ હોય તો એનું ક્ષેત્રફળ ૨૦૦ ચો.મીથી વધુ હોય તેવા કિસ્સામાં જ સંબંધિત ફાયર અધિકારી પાસેથી જ ફાયર સેફટી સર્ટીફિકેટ નિયમોનુસાર મેળવવાનું રહે છે. આ સિવાયના કિસ્સાઓમાં કે જેમાં શૈક્ષણિક સંસ્થા કે જેની ઉંચાઇ ૯ મીટરથી ઓછી હોય તેવા કિસ્સામાં ફ્લોર એરિયા ધ્યાને લીધા સિવાય એવી શૈક્ષણિક સંસ્થાનાં સંચાલકે ફાયર-સેફટી અંગેની જરૂરી વ્યવસ્થા શૈક્ષણિક સંસ્થા દ્વારા કરી એ મતલબનું સેલ્ફ સર્ટીફીકેશન કરી એવું સર્ટીફીકેટ મંજૂરી આપનાર ઓથોરીટીને મોકલી આપવાનું રહેશે. આ ૯ (નવ) મીટરથી ઓછી ઉંચાઇ વાળી તમામ પ્રકારની શૈક્ષણિક સંસ્થાઓ માટે આ સાથે સામેલ ચેક લીસ્ટ મુજબની વ્યવસ્થા કરી શૈક્ષણિક સંસ્થાનાં સંચાલકે પ્રમાણપત્ર સહ શૈક્ષણિક સંસ્થાને મંજુરી આપનાર

ઓથોરીટીને મોકલી આપવાની રહે છે. દરેક જીલ્લામાં શિક્ષણ વિભાગનાં નિરિક્ષકશ્રી કે અન્ય અધિકૃત અધિકારી દ્વારા પણ આ ચેક લીસ્ટ મુજબ વખતો-વખત ચકાસણી કરવાની રહેશે.

નિયામક
રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના-

1. અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર.
2. અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
3. સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
4. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગાંધીનગર.
5. કમિશ્નરશ્રી(શૈક્ષણિક સંસ્થાઓ), ગાંધીનગર.
6. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગર.
7. નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી, ગાંધીનગર.
8. કમિશ્નરશ્રી, મ્યુનિસિપાલીટીઝ એડમીનીસ્ટ્રેશનની કચેરી, ગાંધીનગર.
9. કમિશ્નરશ્રી, મહાનગરપાલીકા- અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, જુનાગઢ, ભાવનગર.
10. રીજીયોનલ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ, ગાંધીનગર, ભાવનગર, સુરત, વડોદરા, રાજકોટ.

નકલ રવાના:-

1. જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી, તમામ.
2. રીજીયોનલ ફાયર ઓફિસરશ્રી, વડોદરા, ગાંધીધામ, રાજકોટ, ગાંધીંગર, સુરત.
3. ચીફ ફાયર ઓફિસરશ્રી, મહાનગરપાલિકા- અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, જુનાગઢ, ભાવનગર.

ચેક લીસ્ટ

# ૯ મીટર કે ૯ મીટર કરતા ઓછી ઉંચાઈ ધરાવતી શૈક્ષણીક સંસ્થાઓ ની ઈમારતોમાં લઘુતમ ફાયર સેફ્ટીની સુવિધા કરવા બાબત.

૧. જે માત્ર ગ્રાઉન્ડ ફ્લોર ધરાવતી શૈક્ષણીક ઈમારતો

| ક્રમ નં | ટાઈપ ઓફ ફાયર પ્રોટેક્શન | જરૂરીયાત |
|---|---|---|
| ૧ | ફાયર એક્સ્ટીંગ્યુશર | દરેક માળ ઉપર બે નંગ(દરેક ૧૦૦૦ ચો.મી.માં)<br>જેમાં ૧ – 4.5 k.g. Type Co, Fire Extinguishers,<br>૨ - 6 k.g. ABC Type Fire Extinguishers |

૨. જે માત્ર ૯ મીટરથી ઓછી ઉંચાઈ ધરાવતી હોય તેવી ગ્રાઉન્ડ ફ્લોર + પ્રથમ માળ અને ગ્રાઉન્ડ + પ્રથમ + બીજો માળ ધરાવતી શૈક્ષણીક ઈમારતો.

| ક્રમ નં | ટાઈપ ઓફ ફાયર પ્રોટેક્શન | જરૂરીયાત |
|---|---|---|
| ૧ | ફાયર એક્સ્ટીંગ્યુશર | દરેક માળ ઉપર બે નંગ(દરેક ૧૦૦૦ ચો.મી.માં)<br>જેમાં ૧ – 4.5 k.g. Type Co, Fire Extinguishers,<br>૨ - 6 k.g. ABC Type Fire Extinguishers |
| ૨ | હોઝ-રીલ હોઝ એસમ્બલી | દરેક માળે ૧૦૦૦ ચો.મી. વિસ્તારે એક પ્રમાણે |
| ૩ | પાણીની ટાંકી(ટેરેસ લેવલ) | ૧૦૦૦૦ લિટર |
| ૪ | ફાયર પમ્પ(ટેરેસ લેવલ) | ૪૫૦ એલ.પી.એમ. કેપેસીટી નો ઈલેક્ટ્રીક પમ્પ |

Letter No: DSFPS/0004/07/2024 Dt: 20-07-2024


WE SERVE TO SAVE

# રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓની કચેરી

બ્લોક નં.૧૩, ત્રીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦.
ઇમેલ: dir-sfps-gnr@gujarat.gov.in, ટેલીફોન નં. ૦૭૯૨૩૨-૫૭૦૨૨


રાજ્યમાં આવેલી શૈક્ષણિક સંસ્થાઓના કિસ્સાઓમાં ફાયર સેફ્ટી સર્ટિફિકેટ માટે માર્ગદર્શન કરવા બાબત.

<u>પરીપત્રઃ</u>

ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઇફ સેફ્ટી મેઝર્સ રુલ્સ, ૨૦૨૧નાં થર્ડ શીડ્યુલ તેમજ નેશનલ બિલ્ડીંગ કોડ ભાગ-૪ ની કલમ ૧.૨b). ૧). અને ૨). અન્વયે ૯ મીટર કે તેથી વધારે ઊંચાઈ ધરાવતા અથવા એક કે વધારે ફ્લોર ઉપર ૫૦૦ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતાં શૈક્ષણિક હેતુસરનાં બિલ્ડીંગને ફાયર પ્રોટેકશનની જોગવાઈ લાગુ પડે છે. તેમજ આવી ઇમારતો માટે સ્થાનિક ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસનાં ફાયર સેફ્ટી સર્ટિફિકેટની લેવાની અને લીધેલ ફાયર સેફ્ટી સર્ટિફિકેટને રિન્યુઅલ કરવાની જરૂર રહે છે.

આ સિવાયનાં ઊંચાઈમાં ૯ મીટરથી ઓછા અથવા ક્ષેત્રફળમાં ૫૦૦ ચો.મી. થી નાના શૈક્ષણિક હેતુસરનાં બિલ્ડીંગ માટે સ્થાનિક ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસનાં ફાયર સેફ્ટી સર્ટિફિકેટની જરૂર રહેતી નથી. આવા બિલ્ડીંગ માટે શાળાનાં સંચાલકોએ બી.આઈ.એસ. કોડ: ૨૧૯૦ અનુસાર પોર્ટબલ ફાયર એક્સટિંગ્યુશર રાખી સેલ્ફ સર્ટિફાઈ કરવાનું રહેશે.

(નલિનકુમાર આર.ચૌધરી)
નિયામક
રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓ, ગાંધીનગર

પ્રતિ,

1. જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી, તમામ.
2. ચીફ ફાયર ઓફિસરશ્રી, ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીસ, અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, જુનાગઢ, ભાવનગર મહાનગરપાલિકા.
3. ચીફ ફાયર ઓફિસરશ્રી, ગીફ્ટ સીટી, ગાંધીનગર.
4. રીજીયોનલ ફાયર ઓફિસરશ્રી, રીજીયોનલ ફાયર ઓફિસ, અમદાવાદ, ગાંધીનગર, ભાવનગર, સુરત, વડોદરા, રાજકોટ.

**નકલ સવિનય રવાના:**

1. અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર.
2. અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
3. સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
4. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગાંધીનગર.
5. કમિશ્નરશ્રી (શૈક્ષણિક સંસ્થાઓ), ગાંધીનગર.
6. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગર.
7. નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી, ગાંધીનગર.
8. કમિશ્નરશ્રી, મ્યુનિસિપાલીટીઝ એડમીનીસ્ટ્રેશનની કચેરી, ગાંધીનગર.
9. કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા- અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, જુનાગઢ, ભાવનગર.
10. પ્રાદેશિક કમિશ્નરશ્રી, પ્રાદેશિક નગરપાલિકાઓની કચેરી, અમદાવાદ, ગાંધીનગર, ભાવનગર, સુરત, વડોદરા, રાજકોટ ઝોન.
11. નાયબ સચિવશ્રી(લ-૧), શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર.
12. ફાયર એડવાઇઝરશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર.
13. સિલેક્ટ ફાઈલે.


Signature Not Verified
Signed by: Nalinkumar Revabhai Chaudhary
Director
Date: 2024.07.20 14:33:52 +05:30


File No: DSFPS/Pol/e-file/319/2024/0058/Admin
Approved By: Director,Fire,DSFPS
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*


Scanned by CamScanner